# Press Note

ગઈ તા. 06/01/2019 કોસ્ટલ પોલિસ સ્ટેશન, કડૈયાના એસ.એચ.ઓ. શ્રી સોહીલ જીવાણી સાહેબને એક ખાનગી બાતમી મળેલ કે એક ઈસમ મોટર સાયકલ નં. GJ 15 BR 2039, KTM લઈને ગેરકાનૂની હથિયારનો સોદો કરવા માટે દેવકા રોડથી કડૈયા તરફ પસાર થવાનો છે, આથી માનનીય ડી. આઈ. જી. પી. શ્રી બ્રિજેશ કુમાર, એસ. પી. શ્રી વિક્રમજીત સિંઘ, તથા એસ. ડી. પી. ઑ. શ્રી વિપુલ કુમાર સાહેબના માર્ગદરશન હેઠળ તાત્કાલિક ધોરણે એક પોલીસ ટિમનું ગઠન કરવામાં આવ્યું અને શ્રી સોહીલ જીવાણી સાહેબના નેતૃત્વમાં PSI ધર્મેશ ધોડી, હે. કો. ક્રિશ્નવિજય ગોહિલ, પો.કો. સુમિત ભકતી, જિગ્નેશ પટેલ, તેમજ પો.કો. અમિત બાજપાઈ દ્વારા હોટલ જઝીરા સામે ચેકિંગ શરૂ કરી ચેકિંગ દમયાન ખાનગી બાતમીમાં દર્શાવેલ વર્ણન કરેલ પ્રમાણે એક ઈસમ KTM મો.સા.નં. GJ 15 BR 2039 લઈને પસાર થઇ રહ્યો હતો જેની પોલીસ સ્ટાફ દ્વારા અટકાવવામાં આવેલ અને તેનું નામ, સરનામું પૂછતા પોતાનું નામ નિકેશ શ્રવણભાઈ રાઠોડ, ઉ.વર્ષ 21 ધંધો- મજૂરીકામ, રહે, રૂમ નં. 403, પાશ્ર્વદર્શન એપાર્ટમેન્ટ, અપનાઘર સોસાયટી, ચલા વાપી જણાવેલ.

જે વ્યક્તિની શરીર જડતી કરતાં તેના પાસેથી એક સ્કૂલ બેગ મળી આવેલ જેમાંથી હાથ બનાવટી દેશી કટ્ટો, એક VIVO V-9, ગોલ્ડન કલરનો મોબાઈલ તથા એક મોટર સાઈકલ GJ 15 BR 2039, KTM 200 CC મળી આવેલ. તે બાદ હથિયાર વિશે પૂછપરછ કરતાં તે કટ્ટો વેચાણ કરવા માટે જઇ રહ્યો છે એવું જણાવેલ.

આથી કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયા, નાની દમણમાં ગુ. ર. નં 03/2019, કલમ 3, 25(1B)A, 26(1) આર્મ્સ એક્ટ 1959 અનુસાર ગુન્હો રજિસ્ટર કરી આરોપીની ધરપકડ કરી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરતા 4 દિવસની પોલીસ રિમાન્ડ મેળવામાં આવેલ. અને આગળની તપાસ શ્રી PSI ધર્મેશ ધોડી કરી રહ્યા છે.





ISSUED BY
DAMAN POLICE